<u>અખબારી યાદી</u>

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ " સ્કોલરશીપ યોજના અન્વયે ઓનલાઇન અરજી કરવા બાબત**

**" સેન્ટ્રલ સેકટર સ્કીમ ઓફ સ્કોલરશીપ ફોર કોલેજ એન્ડ યુનિ. સ્ટુડન્ટસ "** યોજના હેઠળ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી માર્ચ-૨૦૧૩ની વાર્ષિક પરીક્ષામાં સાયન્સ અને સામાન્ય પ્રવાહમાં પ્રથમ પ્રયત્ને ૮૦% કે તેથી વધુ ગુણ મેળવનાર અને આ શિષ્યવૃત્તિનો લાભ લેવા ઇચ્છતા હોય તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ ઓનલાઇન અરજી કરવાની રહેશે.સદર યોજનાનું અરજી ફોર્મ તથા યોજના વિશેની તમામ જાણકારી વેબસાઇટ **<u>scholarships.gujarat.gov.in</u>** પર મુકવામાં આવેલ છે.

વેબસાઇટ પર પ્રસિધ્ધ થયેલ માર્ગદર્શક સુચનાઓ સંપૂર્ણપણે વાંચી સમજીને લાભ લેવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ તા.૨૫/૦૯/૨૦૧૩ થી તા.૦૯/૧૦/૨૦૧૩ સુધીમાં ફક્ત ઓનલાઇન પધ્ધતિથી અરજી કરવાની રહેશે.અરજી પત્રક બાબતે કોઇપણ પ્રકારની મુંઝવણ હોય તો હેલ્પ લાઇન નંબર ૦૭૯-૨૩૨૫૪૦૨૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે. અરજીની ચકાસણી દરમ્યાન લાભાર્થી વિદ્યાર્થીએ ઓનલાઇન ભરેલ માહિતીમાં ક્ષતિ(incorrect) ન જણાય અને લાભાર્થી વિદ્યાર્થીની અરજી ચકાસણી દરમ્યાન રદ ન થાય તે માટે વિદ્યાર્થી તથા વાલીઓએ અરજી કરતી વખતે પૂરતી કાળજી રાખવાની રહેશે.

ઉચ્ચ શિક્ષણ કમિશ્નર

ગુ.રા.,ગાંધીનગર